દર માસના ત્રીજા શનિવારે રક્તપિત્ત (Leprosy) અંગેની કામગીરી "3rd Saturday Leprosy Day" અન્વયે મોજણી કામગીરી કરવામાં આવે છે. તે દરમ્યાન મોજણી (સર્વે) ટીમે નીચે મુજબ કામગીરી કરવાની છે.

## મોજણી ટીમે કરવાની થતી કામગીરીની વિગતો

### ૧. રક્તપિત્ત વિશે પૂછપરછ

- શું ઘરમાં કોઈને શરીર ઉપર ચાઠું છે ?
- શરીરના કોઈપણ ભાગ પર બહેરાશ છે ?
- કોઈને હાથ-પગની આંગળીઓ વાંકી વળી ગઈ હોય, ભ્રમરના વાળ ખરી પડ્યા હોય, પગે ન રૂઝાય તેવું ચાંદુ હોય વગેરેની તકલીફ છે ?
- ભૂતકાળમાં કોઈને આવી તકલીફ હતી ?

### ૨. વ્યક્તિની શારીરિક તપાસ

- **ચહેરાની તપાસ :**

- ચાઠું, રતાશ પડતી જાડી ચળકાટ મારતી ચામડી, કાનની બૂટ જાડી થવી, ભ્રમરના વાળ ખરી જવા, ચહેરો અથવા કાન પર ગાંઠો, નાક ચીબુ, કાન લાંબા, આંખ ખૂલ્લી રહેવી, સિંહ જેવો ચહેરો થવો.

- **હાથ-પગની તપાસ :**

- ચાઠું, રતાશ પડતો ચળકાટ મારતો સોજો, ગાંઠો, બહેરાશ, સ્નાયુઓ પાતળા થવા, આંગળીઓ વાંકી વળી જવી, આંગળીઓ ટૂંકી થવી, હાથનું કાંડામાંથી પડી જવું, જ્ઞાનતંતુઓનો સોજો અને દુઃખાવો, પગમાં ન રૂઝાય તેવા ચાંદા, ફુટડ્રોપ.

- **છાતી, પેટ અને પીઠની તપાસ :**

- ચામડીનો સોજો, ચળકાટ, ગાંઠો, રક્તપિત્તના ચાઠામાં સંવેદનાનો અભાવ હોય અને ખરબચડું સૂકુ હોય તેમજ વાળ ખરી પડેલ હોય પરંતુ તેમાં ખંજવાળ ન આવે.

Scanned by CamScanner

Scanned by CamScanner

# રક્તપિત્ત વિષે સત્ય હકીકતો



- રક્તપિત્ત પૂર્વજન્મના પાપ કે શાપનું ફળ નથી.
- રક્તપિત્ત વારસાગત નથી. કોઈપણ બાળક રક્તપિત્ત રોગ સાથે જન્મતું નથી.
- રક્તપિત્ત અન્ય ચેપી રોગોની જેમ જંતુથી ફેલાતો રોગ છે.
- રક્તપિત્ત કોઈપણ વ્યક્તિની થઇ શકે છે. પુરૂષ-સ્ત્રી, બાળક-યુવાન, વૃદ્ધ, ગરીબ-તવંગર.
- ચામડીના રંગ અને કુમાશમાં ફેરફાર, સ્પર્શજ્ઞાનનો અભાવ, ચામડી પર ચાઠું, રક્તપિત્ત હોઈ શકે.
- રક્તપિત્ત ચેપી રોગોમાં સૌથી ઓછો ચેપી રોગ છે. રક્તપિત્તના થોડા દર્દીઓ જ ચેપી હોય છે. આવા દર્દીઓને પણ સારવારથી બિનચેપ-રોગમુક્ત કરી શકાય છે.
- રક્તપિત્ત કોઈપણ તબક્કે મટાડી શકાય છે. વહેલું નિદાન, નિયમિત અને પૂરથી બહુઔષધિય સારવારથી વિના વિકૃત્તિ ચોક્કસ મટી શકે છે.
- રક્તપિત્તના કારણે આવતી પંગુતા-વિકૃત્તિ દૂર કરી શકાય છે.
- રક્તપિત્તગ્રસ્તોને સન્માનપૂર્વક જીવવા પ્રોત્સાહિત કરો. સમાજને ઉપયોગી બનવા તેમનો સ્વીકાર કરો અને તેમને મદદ કરો.

**રક્તપિત્તથી ગભરાશો નહીં, તેનું નિદાન અને સારવાર તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જનરલ હોસ્પિટલમાં મફત થાય છે.**

Scanned by CamScanner